આર્થિક સુધારાઓ અંગે યુપીએ સરકાર સંપૂર્ણ કટિબદ્ધ : પ્રણવ

નવી દિલ્હી,તા.૨૧

યુપીએ સરકાર સુધારાઓ મામલે બિલકુલ ગંભીર નથી તેવા આક્ષેપોને ફગાવી દઈને આજે નાણાંપ્રધાન પ્રણવ મુખરજીએકહ્યું હતું કે કેટલાક કઠોર અને નક્કર નિર્ણય કરવાનો સમય આવી ગયો છે. પ્રણવે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પેન્શન, બેંકિંગ અને વીમા મામલે ચાવીરૂપ બિલ આ વર્ષે પસાર થઈ જશે. સરકાર આ તમામ ત્રણેય ચાવીરૂપ ક્ષેત્રોને લઈને ગંભીર છે. આ ત્રણેય સાથે સંબંધિત પ્રશ્ને સરકાર સર્વસંમતિ સાધવાના પ્રયાસો કરી રહી છે. વોશિંગ્ટન સ્થિત થિંક ટેંક ખાતે આર્થિક મામલે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે સરકાર આર્થિક સુધારાઓ અંગે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે શ્રેણીબદ્ધ મામલે વૈધાનિક અને વહીવટી ફેરફાર માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ચુકી છે. આનાથી અર્થતંત્રને મોટો ફાયદો થશે. તેમણે ઉમેર્યું હતું કે અમે હાલ એવા તબક્કામાં પહોંચી ગયા છીએ જ્યાં કેટલાક કઠોર પગલા જરૂરી બન્યા છે. પ્રણવે કહ્યું હતું કે તાજેતરમાં તેમના વર્ષ ૨૦૧૨-૧૩

માટેના કેન્દ્રિય બજેટમાં તેઓએ આ આ મામલે રજૂઆત કરી હતી. કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ સાથે મળીને આ કાર્યક્રમનું આયોજન કરનાર પીટર જી. ઈન્સ્ટીટયુટ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ ખાતે પ્રશ્નોના જવાબમાં પ્રણવે અનેક ખુલાસા કર્યા હતા. પ્રણવે કહ્યું હતું કે વૈધાનિક મોરચે અમે પેન્સન ફંડ રેગ્યુલેટરી એક્ટ, ઈન્સ્યોરન્સ એક્ટ અને બેકિંગ સુધારા એક્ટ માટે પ્રાથમિક વૈધાનિક પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે. પ્રણવે આશા વ્યક્ત કરી હતી કે આ ત્રણેય ખરડા આ કેલેન્ડર વર્ષમાં કાયદા બની જશે. જો આ સંસદીય સત્રમાં નહી તો આગામી સેસનમાં આ બિલ પસાર કરી દેવાશે. નાણાં પ્રધાને કબુલાત કરી હતી કે કેટલાક ચોક્કસ સુધારા ગઠબંધન યુગમાં નવા પડકારો ઉભા કરી શકે છે. રાજય સરકારો સહિત જુદા જુદા સંબંધિતોને સાથે લઈને ચાલવાની જરૂર હોય છે. જા અમારા હાથમાં હોત તો જીએસટી અને જીએસટીને અમલી બનાવવા માટે જરૂરી બંધારણીય સુધારા પાસ કરાવી શકયા હોત. ટેક્સ સુધારાના મોરચે પ્રણવે કહ્યું હતું કે આગામી નાણાંકીય વર્ષથી પ્રત્યક્ષ ટેક્સ અમલી બની જશે. પરોક્ષ કરવેરાના સંબંધમાં બંધારણીય સુધારાને આ કેલેન્ડર વર્ષમાં લાવવાના પ્રયાસો કરવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં તેમણે આ ખુલાસો કર્યો હતો. અગાઉ પોતાના પ્રારંભિક સંબોધનમાં મુખરજીએ કહ્યું હતું કે વૈશ્વિક આર્થિક કટોકટીના નવા રાઉન્ડમાં અન્ય અનેક દેશોની સરખામણીમાં ભારતનું અર્થતંત્ર વધારે સારી અને મજબુત સ્થિતીમાં છે. ભારતીય બેકિંગ સેક્ટરમાં સ્થિતી ખુબ સારી છે. અમારા અર્થતંત્રને મજબુત બનાવવા ભારત સુધારાઓને આગળ વધારવા કટિબદ્ધ છે. તેમણે અન્ય મુદ્દાઓ અંગે વાત કરતા કહ્યું હતું કે વર્ષ ૨૦૧૨-૧૩માં જીડીપી વિકાસ દર ૭.૬ ટકા રહેવાની શક્યતા છે. વૈશ્વિક કોમોડીટીના ભાવ અનેખાસ કરીને ફ્યુઅલ ઓઈલના ભાવના કારણે જોખમી સ્થિતી રહેલી છે. સુધારાની પ્રક્રિયાને આગળ વધારવામાં તકલીફ પડી છે તેના માટે ગઠબંધન રાજકારણ જવાબદાર છે.

બાબા રામદેવના વલણથી ટીમ અણ્ણાના સભ્ય ખફા

નવી દિલ્હી,તા. ૨૧

બાબા રામદેવ અને અણ્ણા હજારેએ ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના મામલે જંગ છેડવાની જાહેરાત કરી દીધી છે ત્યારે તેમની વચ્ચે મતભેદો હોવાના અહેવાલો પણ સપાટી પર આવવા લાગી ગયા છે. બાબા અને અણ્ણાએ ગઈકાલે એવી જાહેરાત કરી હતી કે તેઓ સાથે મળીને સરકારની સામે ઝુંબેશ ચલાવશે. આ જાહેરાતના એક દિવસ બાદ તેમની વચ્ચે મતભેદોના અહેવાલો

આવવા લાગી ગયા છે. ટીમ અણ્ણાના સભ્યોનુ કહેવુ છે કે બાબા રામદેવ અણ્ણાને વિશ્વાસમાં લઈને આગળ વધી રહ્યા નથી. તેઓ પોતાને જ રજૂ કરીને આગળ વધવાના પ્રયાસો કરી રહ્યા છે. રામદેવ લોકપ્રિયતા મેળવવાના હેતુસર આવા પ્રયાસો કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અણ્ણા હજારેએ ગુડગાવમાં ગઈકાલે રામદેવ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ એક પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. આ મામલે ટીમ અણ્ણાનો દાવો છે કે આ અંગે તેમને કોઈ વાત કરવામાં આવી ન હતી. પત્રકાર પરિષદમાં રામદેવ અને અણ્ણા હજારેએ પહેલી મેથી આંદોલન કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ જંતર મંતર પર બીજી જુનના દિવસે અનશન પણ કરવામાં આવનાર છે. પહેલી મેના દિવસે અણ્ણા શિરડીમાં આંદોલન કરશે જ્યારે રામદેવ છત્તિસગઢમાંથી આંદોલન કરશે. સુત્રોના જણાવ્યા મુજબ ટીમ અણ્ણાએ આ બાબત પર તેની નારાજગી વ્યક્ત કરી દીધી છે.

અમરનાથ યાત્રા નોંધણીની પ્રક્રિયા ૭મી મે થી શરૂ

જમ્મુ,તા. ૨૧

આ વર્ષની અમરનાથ યાત્રા માટે યાત્રીઓની નોંધણીની પ્રક્રિયા સાતમી મેં ૨૦૧૨થી શરૂ કરવામાં આવશે. બલતાલ અને ચંદનવાડી રૂટ બન્ને માટે એક સાથે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ૧૭૪ બેંક શાખાઓ અને ઈન્ટરનેટ આધારિત ઈ-રજીસ્ટ્રેશન સિસ્ટમ મારફતે શ્રદ્ધાળુઓની નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. શ્રી અમરનાથ મંદિર બોર્ડના અધ્યક્ષ એનએન વોરાના નેતૃત્વમાં વ્યાપક સમીક્ષા મિટિંગ યોજાયી હતી જેમાં સંબંધિત અધિકારીયો અને મુખ્ય કારોબારી અધિકારી નવિન કે ચોધરી, એડિશનલ ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. ચૌધરીએ માહિતી આપી છે કે યાત્રીઓની નોંધણી સમગ્ર દેશમાંથી થશે. જમ્મુ કાશ્મીર બેંકની ૧૨૧ નિયુક્ત શાખાઓ, યશ બેંકની ૪૯ શાખાઓ અને જિલ્લા કોઓપરેટીવ બેંકની ચાર શાખાઓ મારફતે નોંધણી પ્રક્રિયા શરૂ થશે. તમામ સંબંધિતો માટેની માહિતી બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ શકાય છે. સીબીઈઓએ વધુમાં કહ્યું હતું કે આ વર્ષની યાત્રા બન્ને રૂટ ઉપર ૨૫મી જૂને શરૂ થશે અને બીજી ઓગસ્ટ ૨૦૧૨ના દિવસે રક્ષાબંધનના

દિવસે પૂરી થશે. દરેક ઈચ્છુક યાત્રી માટે અરજી કરવા માટે રજીસ્ટાર મેડિકલ પ્રક્ટિશનર દ્વારા જારી કરવામાં આવતા આરોગ્ય પ્રમાણપત્ર રજૂ કરવાની જરૂર પડશે. સીઈઓએ કહ્યું હતું કે વર્ષ ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧ ક્રમશઃ ૪૫, ૬૮ અને ૧૦૭ યાત્રીઓના મોત થયા હતા. યાત્રીઓના મોત વધતા સાવચેતીના પગલા રૂપે પ્રમાણપત્ર રજૂ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ સંદર્ભમાં એવી ચર્ચા ચાલી રહી છે મોટા ભાગના યાત્રી સીઈઓ દ્વારા જારી કરવામાં આવતા આરોગ્ય પ્રમાણપત્રને વધારે મહત્વ આપતા નથી. યાત્રીઓને હવે ફરજીયાત પણે હેલ્થ ચકાસણી કરાવવી પડશે અને રજીસ્ટાર મેડિકલ પ્રેક્ટિશનર તરફથી પ્રમાણપત્ર આપવુ પડશે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા પણ આ પ્રકારનું સૂચના આપવામાં આવે છે. બોર્ડે બેંક રજીસ્ટ્રેશન કાઉન્ટરોની સંખ્યા આ વર્ષે વધારીને ૧૭૪ કરી દિધી છે. જે વર્ષ ૨૦૧૧માં ૧૪૯ હતી. રજીસ્ટ્રેશનની પ્રક્રિયાને વધુ સરળ બનાવવા વહેલા તે પહેલાને પ્રાથમિકતા આપવામાં આવશે. ફરજીયાત આરોગ્ય ચકાસણીના ફોર્મ અને અરજી ફોર્મ કોઈપણ નીયુક્ત બેંક શાખાઓમાંથી લઈ શકાશે. જમ્મુ કાશ્મીર બેંક, યશ બેંક અને કોઓપરેટીવ બેંકોની નિયુક્ત શાખામાંથી પ્રમાણપત્ર અને ફોર્મ લઈ શકાશે અથવાતા બોર્ડની વેબસાઈટ પરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. રજીસ્ટ્રેશન યાત્રા પરમીટ મારફતે હાથ ધરાશે. ફરજીયાત આરોગ્ય પ્રમાણપત્ર અને અરજી ફોર્મ ભરવાની રહેશે. આના માટે ચાર્જ પ્રતી યાત્રી રૂપિયા ૧૫ રાખવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન માટે પ્રતી યાત્રી ચાર્જમાં કોઈ વધારો કરાયો નથી.

પાક વિમાન દુર્ઘટનામાં ૧૨૭ પ્રવાસીઓના મૃતદેહો મળ્યા

ઈસ્લામાબાદ,તા.૨૧

પાકિસ્તાનમાં ગઈકાલે વિમાન દુર્ઘટના થયા બાદ સમગ્ર દેશમાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. દુર્ઘટનામાં ૧૨૭ મુતદેહ મળી આવ્યા છે. સમગ્ર મામલામાં પાકિસ્તાન સરકારે ઉંડી તપાસમાં હાથ ધરી છે. ભોજા એરલાઈન્સનું આ વિમાન ઈસ્લામાબાદના આંતરરાષ્ટ્રીય વિમાની મથક નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ વિમાનના જરૂરી સાધનો મળી આવ્યા છે. જેમાં તપાસ હાથ ધરવામાં આવી છે. બોઈન્ગ ૭૩૭ વિમાનના કોકપીટ ફ્લાઈટ રેકોર્ડર-બ્લેક બોક્સને શોધી કાઢવામાં આવ્યા બાદ તેમાં તપાસ હાથ ધરવામાં આવી છે. તમામ લોકોના મોતને અહેવાલને હજુ પણ સમર્થન મળ્યું હતું. આ વિમાનમાં ૧૨૧ યાત્રી અને ૯ ક્રુ મેમ્બરો હતા. આ વિમાન કરાચીથી ઈસ્લામાબાદ તરફ જઈ રહ્યું હતું. ઈસ્લામાબાદ વિમાની મથકે પહોંચતા પહેલા જ દુર્ઘટના સર્જાઈ હતી. વિમાન દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ ઉંડી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. વિમાન યાત્રીઓના સગા સંબંધી પણ કરાચી અને ઈસ્લામાબાદ વિમાની મથકે એકત્રિત થવા લાગ્યા હતા. બંને જગ્યાએ શોખનું મોજુ ફરી વળ્યું હતું. ચારે બાજુ સગા સંબંધિઓ રડતા નજરે પડ્યા હતા. તેમના સગા સંબંધિ હવે આ દુનિયામાં નથી. તે બાબતને લઈને કોઈને વિશ્વાસ થઈ રહ્યો ન હતો. આ વિમાને સ્થાનિક સમય મુજબ સાંજે ૫ વાગે કરાચીથી ઉડાણ ભરી હતી. સાંજે ૬.૫૦ મિનિટે ઈસ્લામાબાદ પહોંચનાર હતી. વિમાનના ટુકડાઓ ચારેય બાજુ વિખરાઈ ગયા હતા. એક સાક્ષીએ કહ્યું છે કે તે નજીકમાં બની રહેલી એક ઈમારતમાં કામ કરી રહ્યો હતો. આ વિમાનને દુર્ઘટનાગ્રસ્ત થતા તે નિહાળી ગયો હતો. આ વિમાન નીચે પડી રહ્યું હતું તેમાં આગ લાગી ગઈ હતી. ખૂબ જ ખતરનાક દ્રશ્યો હતા.

ડીઆરડીઓ વડા સારસ્વત વડાપ્રધાન સિંહને મળ્યા

નવી દિલ્હી,તા. ૨૧

અગ્નિ-૫ ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ (આઈસીબીએમ)નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ આજે ડીઆરડીઓના વડા વીકે સારસ્વત વડાપ્રધાન મનમોહનસિંહને મળ્યા હતા. સારસ્વતે અગ્નિ સિરીઝ મિસાઈલના સફળ લોંચ અંગે તેમને માહિતી આપી હતી. ડીઆરડીઓના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે સારસ્વતની સાથે

અગ્નિ પ્રોજેક્ટના ડિરેક્ટર અવિનાશ ચન્દ્રા પણ રહ્યા હતા. વડાપ્રધાન સાથે બેઠક આશરે ૩૦ મિનિટ સુધી ચાલી હતી. આ બેઠક વડાપ્રધાન સિંહના નિવાસસ્થાને યોજાઈ હતી. અત્રે નોંધનીય છે કે ગુરૂવારે ભારતે ઓરિસ્સાના દરિયાકાઠે વ્હીલર આઈલેન્ડથી ૫૦૦૦ કિલોમીટરની રેંજ ધરાવતી મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ગઈકાલે સારસ્વતે કહ્યું હતું કે મિસાઈલ તમામ મિશન ઉદ્દેશ્યને હાંસલ કરે છે. આગામી બે વર્ષમાં સર્વિસમાં આને સામેલ કરાશે.

સિયાચીનમાંથી એકપક્ષીય રીતે સૈનિકોને ખેંચી લેવાનો ઈન્કાર

લાહોર,તા.૨૧

પાકિસ્તાની પ્રમુખ આસિફ અલી ઝરદારીએ સિયાચીનમાંથી એકપક્ષીય રીતે સૈનિકોને પાછા ખેંચી લેવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. ઝરદારીએ કહ્યું છે કે જ્યાં સુધી ભારત પોતાના સૈનિકોને ખેંચશે નહીં ત્યાં સુધી પાકિસ્તાન પણ સૈનિકોને પરત બોલાવશે નહીં. ઝરદારીએ લાહોરથી ૧૦૦ કિલોમીટરના અંતર સ્થિત ઓકરા જિલ્લામાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના કાર્યકરોની બેઠકને સંબોધતા આ મુજબની વાત કરી હતી. ઝરદારીએ કહ્યું હતું કે અમે કોઈપણ એકપક્ષીય નિર્ણય કરીશું નહીં. જયારે ભારત સિયાચીનમાંથી પોતાના સૈનિકોને પાછા ખેંચશે ત્યારે પાકિસ્તાન આ દિશામાં આગળ વધશે.

ઝરદારીએ કબૂલાત કરી હતી કે પાકિસ્તાન સૈનિકોની તકલીફને લઈને ચિંતિત છે. ભારતને પણ સિયાચીનમાં પોતાના સૈનિકોને લઈને તકલીફ અને ચિંતા હોવી જોઈએ. ઝરદારીએ ઉમેર્યું હતું કે આમા કોઈ શંકા નથી કે સિયાચીન દુનિયાના સૌથી મુશ્કેલ રણ મેદાન પૈકી એક છે. અમે સિયાચીનના હવામાન અને બાકીની જટિલ પરિસ્થિતિને લઈને સજાગ છીએ. પરંતુ સૈનિકોને શરતી રીતે જ બોલાવવા ઈચ્છીએ છીએ. જો ભારત આ દિશામાં પગલા લેશે તો તે પણ આગળ વધશે. પાકિસ્તાન ભારત સાથે તમામ વિવાદોને વાતચીત મારફતે ઉકેલવા માગે છે.

અમે દરેક મુદ્દા પર વાત કરવા તૈયાર છીએ. બે સપ્તાહ પહેલાં એટલે કે ૭મી એપ્રિલના દિવસે સિયાચીનના વાવાઝોડા અને હિમપ્રપાંતના કારણે ૧૩૮ પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. પાકિસ્તાની સૈનાના સર્વોચ્ચ કમાન્ડરે કહ્યું હતું કે પાકિસ્તાન સિયાચીનમાંથી પોતાના સૈનિકોને પરત ખેંચવા ઈચ્છે છે. પાકિસ્તાનની આ પ્રતિક્રિયાનું ભારતે સ્વાગત પણ કર્યું હતું.

એક વિષય તરીકે જ વાતને લેવા જેટલી પુખ્તતા હોય તો 'વિકી ડોનર' ગમે તેવી છે

ભારતમાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમવર્ગમાં સ્ત્રી-પુરૂષોમાં ફળદ્રુપતાની સમસ્યા વધુ વકરી છે. તેનું મુખ્ય કારણ સ્ટ્રેસ - તનાવ છે. માનસિક તાણને કારણે પુરૂષના શુક્રાણુમાં એટલી ક્ષમતા નથી રહેતી કે સ્ત્રીને ગર્ભ રહી શકે. વિજ્ઞાનથી આ સમસ્યાનું થોડું-ઘણું સમાધાન શક્ય બન્યું છે. પેથોલોજી લેબ, બ્લડ બેન્કની જેમ શુક્રાઉ - સ્પર્મ બેન્કોનું અસ્તિત્વ શક્ય બન્યું છે. રક્તદાતાઓની જેમ શુક્રાણુ દાતાઓ સમયની માંગ છે. શુક્રાણુ દાન મેડિકલી પણ સ્વિકાર્ય અને અનિવાર્ય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ દ્વારા શુક્રાણુ દાન - સ્પર્મ ડોનેશન માટે જે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે તે પ્રમાણે શુક્રાણુ દાતાની ઓળખ ખાનગી રાખવામાં આવે છે. શુક્રાણુના સેમ્પલ મેળવતી વખતે તે શુક્રાણુના બ્લડ ગ્રુપ અને મેડિકલ ડિસઑર્ડરની ચકાસણી જ કરવામાં આવે છે. ત્યારબાદ એ શુક્રાણુ માત્ર અને માત્ર બિનફળદ્રુપતાના કિસ્સાઓમાં જ વાપરવામાં આવે છે. કોઈની કાલ્પનિક ઈચ્છાઓને સંતોષવાનો હેતુ હરગીઝ હોતો નથી.

ફિલ્મ રિવ્યુ ને બદલે આજે મેડિકલ બ્રાન્ચનો લેખ લખવાનું કોઈ પ્રયોજન છે એવું હરગીઝ માની નહીં લેતા, આપણે હિન્દી ફિલ્મ 'વિકી ડોનર' ની જ વાત કરીએ છીએ. હિન્દી ફિલ્મોનાં ઈતિહાસમાં પહેલીવાર આ વિષયને લઈને ફિલ્મ બની છે. હિન્દી ફિલ્મોના અભિનેતા જહોન અબ્રાહમે સુનિલ લુલ્લા, રૉની લાહિરી અને રામ મિરચંદાની સાથે ભાગીદારીમાં પ્રૉડયુસ કરેલી ફિલ્મ 'વિકી ડોનર' આવા બૉલ્ડ વિષયની સાફ સુથરી અને થોડી હળવાશ પૂર્વકની રજૂઆત છે.

'વિકી ડૉનર' એ સ્પર્મ ડૉનેશન - શુક્રાણુ દાનના મુખ્ય વિષયને વણી લેતી વાત છે. શુક્રાણુ દાન ભલે સમયની માંગ હોય અને વિજ્ઞાનની અનિવાર્યતા હોય કે પછી સમાજની તાતી જરૂરિયાત હોય તો પણ સ્પર્મ ડૉનર - શુક્રાણુ દાતાને સમાજ કઈ દૃષ્ટિએ મૂલવે છે. તેની વાત આ ફિલ્મમાં ક્યાંક રમૂજ પૂર્વક, ક્યાંક કટાક્ષપૂર્વક તો ક્યાંક ગંભીરતા પૂર્વક રજૂ કરવામાં આવી છે.

દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં ડૉ. બલદેવ ચઢ્ઢા (અનુ કપૂર)નું ફર્ટિલિટી ક્લિનીક છે. નિઃસંતાન યુગલો સારી ફળદ્રુપતા ધરાવતા શુક્રાણુ મેળવવા સંતાન પ્રાપ્તિ માટે તેમનો સંપર્ક કરે છે. ડૉ. ચઢ્ઢા પણ સારી ગુણવત્તા અને મેડિકલી વધુ સક્ષમ શુક્રાણુ ધરાવતા યુવાનની શોધમાં છે. દિલ્હીના જ લાજપતનગરમાં રહેતો પંજાબી બેરોજગાર યુવાન વિકી અરોરા (આયુષમાન ખુરાના) શુક્રાણુ દાતા - સ્પર્મ ડૉનર તરીકે યોગ્ય પસંદગી છે એમ ડૉ. ચઢ્ઢા તેને જોતાં જ જાણી જાય છે. કારણ કે, ડૉ. ચઢ્ઢા માટે સ્પર્મ જ તેના શ્વાસ ઉચ્છ્વાસ છે. તે યેનકેન પ્રકારે વિકીને સ્પર્મ ડૉનેશન માટે તૈયાર કરે છે. પહેલાં કંટાળી જઈને કુતૂહલતાથી અને પછી કમાણીના સાધન તરીકે વિકી અરોરા શુક્રાણુ દાન કરવા માંડે છે. અને બની જાય છે વિકી ડૉનર.

વિધવા મા (ડૉલી અહલુવાલીયા) અને દાદી મા (કમલેશ ગીલ) સાથે રહેતો વિકી ડૉનર પોતાના આ કામ વિશે સમાજમાં કોઈને કંઈ જ કહી શકતો નથી. જેને કહે છે તે તેને તરછોડે છે એટલે વિકી પોતાના આ કામને 'હસ્તકલાની નિકાસ' એવું વ્યવસાયિક-રમૂજી નામ આપી દે છે.

સમય જતાં વિકી સમૃધ્ધ થઈ જાય છે. શુક્રાણુદાન મેળવીને સંતાનોના મા-બાપ બનતાં પરિવારો રાજી થઈને કેશ અને કાઈન્ડમાં વળતર ચુકવે છે. વિકી માલામાલ થઈ જાય છે. વિકીને હવે પ્રેમ થાય છે. પંજાબી યુવાન બંગાળી બાલાના પ્રેમમાં પડે છે, પછી પરણી જાય છે. પ્રેમ દરમિયાન અને પરણી જતાં પછી વિકી 'દાનવીર' નથી રહેતો ડૉ. ચઢ્ઢાનો આગ્રહ ચાલુ જ રહે છે ત્યારે વિકી શુક્રાણુ જ સર્વસ્વ નથી, પ્રેમ નામની પણ કોઈ ચીજ હોય છે એવી દલીલો કરે છે અને દાતારી ઓછી કરે છે. આ તરફ વિકીના પરણિત જીવનમાં નવા વળાંકો આવે છે. તેની પત્ની અશીમા રોય (યામી ગૌતમ)ને વિકીના 'હસ્તકલા નિકાસ'ના વ્યવસાય વિષે ખબર પડે છે અને ફિલ્મ પરાકાષ્ટાએ પહોંચે છે.

શુક્રાણુ દાતાના આ બોલ્ડ વિષયની વાર્તા એક મહિલાએ જ લખી છે એ વધુ આશ્ચર્યજનક નથી! જુહી ચતુર્વેદીએ 'વિકી ડોનર'ની વાર્તા લખી છે. સ્ક્રીન પ્લે અને સંવાદો પણ જુહી ચતુર્વેદીએ જ લખ્યાં છે. ફિલ્મના વિષય, વાર્તા અને પટકથા માટે જુહી ચતુર્વેદીને અભિનંદન આપીએ એટલા ઓછા છે. આવા અઘરા વિષયને



ફિલ્મના માધ્યમમાં અપનાવવો અને પુરી સફાઈથી ગંભીરતાપૂર્વક રજૂ કરવો હિંમતનું કામ છે. આમ જોવા જઈએ તો ફિલ્મની વાર્તા અને પટકથા જ આ ફિલ્મનો 'મુખ્ય હિરો' છે. ફિલ્મના સંવાદો હજુ વધુ ચૌટદાર અને અસરકારક થઈ શકયા હોત એવું લાગે.

વર્ષ ૨૦૦૫માં જીમી શેરગીલ અને મિનિષા લાંબાને લઈને ફિલ્મ 'યહાં..' બનાવનાર બંગાળી દિગ્દર્શક સૂજિત સિરકારની દિગ્દર્શક તરીકેની આ બીજી રિલિઝ થયેલી હિન્દી ફિલ્મ છે. 'પૂછે જો કોઈ મેરી નિશાની, રંગ હિના કહેના...' જેવા મધુરગીત વાળી ફિલ્મ 'યહાં..' પછી સૂજિત સિરકારે અમિતાભ બચ્ચન અને સારીકાને લઈને યુટીવી માટે ફિલ્મ 'શૂ બાઈટ' બનાવી હતી. કમનશીબે આ ફિલ્મ કાયદાકીય ગૂંચ અને કોર્ટ કચેરીના ચકકરમાં પડી ગઈ એટલે હજુ સુધી રિલિઝ થઈ શકી નથી. એ દરમિયાન ૪૦૦થી પણ વધુ ટી.વી. કોમર્શિયલ એડ બનાવનાર સૂજિત સિરકારે પોતાની માતૃભાષા બંગાળીમાં અનિરૂધ્ધ રોય ચૌધરીના દિગ્દર્શનમાં 'અપરાજિતા તુમી' નામની બહુ ખર્ચાળ ફિલ્મનું નિર્માણ પણ કર્યું. કમનશીબે એ ફિલ્મ પણ ઓછી ચાલી. પરંતુ આખરે 'વિકી ડૉનર'થી સૂજિત સિરકાર હિન્દી સિનેમામાં પુનરાગમન કરી રહ્યા છે. રોયલ એનફિલ્ડની તેમણે બનાવેલી એડને કેન્સ એડવર્ટાઈઝીંગ એવોર્ડ પણ મળ્યો છે. આ સૂજિત સિરકારે 'વિકી ડૉનર'ને માણવાલાયક બનાવી છે. શુક્રાણુદાન જેવો વિષય હોય એટલે લોકોની કલ્પનામાં તો શું-શું આવે, આમ છતાં સૂજિત સિરકારે એક પણ દૃશ્ય એવું નથી મુકયું કે એક પણ અભિનય એવો નથી કરાવ્યો કે પરિવારનો કોઈ પણ જોઈ ન શકે. માત્ર શુક્રાણુ વિષયને બાદ કરો તો આ ફિલ્મ નાના બાળકો પણ માણી શકે એટલી સાફ સુથરી છે. આ માટે સૂજિત સિરકારને આભાર અને અભિનંદન બન્ને.

સૂજિત સિરકારે આ ફિલ્મ માટે કોઈ મોટો હિરો સ્ટારનો સંપર્ક જ નથી કર્યો. ફિલ્મનો વિષય જ એવો છે કે મોટા નામવાળા અભિનેતાઓને તૈયાર કરવા જ અઘરા હતા એટલે સૂજિત સિરકારે એમ.ટી.વી. પર જાણીતા આયુષમાન ખુરાનાને પસંદ કર્યો. યુવાનોમાં જાણિતા આયુષમાન ખુરાનાએ સરસ અભિનય કરીને 'વિકી ડૉનર'ના પાત્રને બખૂબી નિભાવ્યું છે. ફિલ્મની હિરોઈન યામી ગૌતમ પણ ટેલિવિઝન જોતા પ્રેક્ષકો માટે મોડેલ તરીકે જાણીતો ચહેરો છે. યામી ગૌતમની પણ આ પહેલી ફિલ્મ હોવા છતાં તેના અભિનયમાં સારો આત્મવિશ્વાસ દેખાય છે. મેચ્યોર બંગાળી 'અશીમા રૉય' તરીકે સારો અભિનય કર્યો છે. આયુષમાનની મા ની ભૂમિકામાં ડોલી અહલુવાલીયાએ અને દાદી તરીકે કમલેશ ગીલે પણ કમાલ કરી છે. એ બન્નેના દૃશ્યોમાં દિગ્દર્શક સૂજિત સિરકારે જાન રેડી છે. દાદી કમલેશ ગીલનું પાત્ર સાદું ઉપસાવાયું છે. આયુષમાન એક જગ્યાએ ડાયલોગ બોલે છે, 'દિલ્હીમાં બે જ ચીજ મોડર્ન છે, એક તો મેટ્રો અને બીજી મારી દાદી.' ડૉ. ચઢ્ઢાની ભૂમિકામાં ચરિત્ર અભિનેતા અનુ કપૂરે ચાર ચાંદ લગાવી દીધા છે. આ ભૂમિકા માટે અનુ કપૂરે પોતાનું વજન ૭ કિલો જેટલું વધાર્યું છે. ફિલ્મના નિર્માણ પહેલાં સૂજિત સિરકાર આ વિષયના સંશોધન માટે અલગ અલગ ડૉકટરોને મળી રહ્યા હતા ત્યારે એક ડૉકટરના સંપર્કમાં આવ્યા હતા એવી જ સ્ટાઈલ અનુ કપુરે પોતાના અભિનયમાં અપનાવી છે.

ફિલ્મના ટેકનીકલ પાસાઓ વિષે વાત કરીએ તો એ પણ નબળા તો નથી જ. કમલજીત નેગીની સિનેમેટોગ્રાફી-ફોટોગ્રાફી વાર્તાના વિષયને અને ફિલ્મના વાતાવરણને અનુરૂપ છે. શેખર પ્રજાપતિનું એડીટીંગ પણ યોગ્ય જ છે. અભિષેક-અક્ષયનું બેક ગ્રાઉન્ડ મ્યુઝિક જરૂરિયાત મુજબનું ઓછું લાઉડ છે. સંગીત લોકપ્રિય નહીં પણ કર્ણપ્રિય જરૂર છે.

નિર્માતા તરીક જહોન અબ્રાહમની જે.એ. એન્ટરટેઈનમેન્ટની આ પહેલી ફિલ્મ છે. હિન્દી ફિલ્મોમાં સામાન્ય શિરસ્તો એવો જ છે કે જો અભિનેતા ખૂદ નિર્માતા હોય તો તે ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં તે સ્વયં જ હોય. જહોન અબ્રાહમે આવું નથી કહ્યું. જહોન અબ્રાહમે ઉપરથી એમ કહ્યું છે કે, દિગ્દર્શક સૂજિત સિરકારે આ ભૂમિકા માટે આયુષમાન ખુરાનાનું નામ સૂચવ્યું અને હું પણ માનું છું કે યોગ્ય પસંદગીથી ફિલ્મની વેલ્યુ વધે છે. ફિલ્મમાં છેલ્લે કેડીટ ટાઈટલ્સ સાથેના આઈટમ સોન્ગમાં જહોન અબ્રાહમ આયુષમાન અને યામી ગૌતમ સાથે ડાન્સ કરવા આવે છે એટલું જ...

રૂ. ૨૦ કરોડના ખર્ચે બનેલી અને ભારતભરના ૭૫૦ સિનેમાગૃહોમાં એકી સાથે રિલિઝ થયેલી ફિલ્મ 'વિકી ડૉનર' ગંભીર વિષયની રમુજી ફિલ્મ છે. યુવાનોને વધુ પસંદ પડી શકે એવી ફિલ્મ આખા પરિવાર સાથે બેસીને જોવાની હિંમત કેટલા પરિવારો કરશે એ સૌથી મોટો પ્રશ્નાર્થ છે. આપણે ત્યાં હજુ આવા વિષયો પરિવારના મહિલા અને પુરૂષ સભ્યો જાહેરમાં જોઈ-ચર્ચી શકે એટલી માનસિકતા કેળવાઈ નથી. આપણી આધુનિકતા માત્ર અને માત્ર બાહ્ય અને પહેરવેશ પુરતી જ મર્યાદિત છે. આપણો સમાજ અંદરથી-અંતરથી આધુનિક થયો નથી. છતાં એક વિષય તરીકે જ વાતને લેવાની પુખ્તતા હોય તો આ ફિલ્મ માણવી ગમે તેવી છે.